## પ્રાદેશિક માહિતી કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ (સમાચાર યાદી તા.૧૭-૦૪-૨૦૧૫)

### મુખ્યમંત્રીશ્રીએ

### રાજ્ય સરકારના કર્મયોગીઓ માટે તબીબી સારવારના સુગ્રથિત નિયમો જાહેર કર્યાઃ-

- સરકારી હોસ્પિટલો ઉપરાંત સરકારી હોસ્પિટલ સમકક્ષ , રાજ્ય સરકાર દ્વારા માન્ય કરાયેલી ખાનગી હોસ્પિટલોનો સારવાર ખર્ચનું પણ રિએમ્બર્સમેન્ટ મળશે
- મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજનાના દરે સારવાર ખર્ચ મળશે
- ૧ લાખથી વધુના સારવાર ખર્ચના કિસ્સામાં ૭૫ ટકા વ્યાજ વિનાની પેશગી અપાશે
- સારવાર ખર્ચ બિલ મંજુર કરવાની સત્તાનું વિકેન્દ્રીકરણ થતાં ઝડપી મંજુરી મળશે

**સારવાર ખર્ચની મર્યાદા અને મંજુરીના સત્તાધિકારો**

- ૨૫ હજાર સુધી – સંબંધિત કચેરીના વડા
- ૨૫ હજારથી ૧ લાખ – ખાતાના વડા
- ૧ લાખથી ૨ લાખ – વહિવટી વિભાગ
- ૨ થી ૧૦ લાખ – સમિતીની ભલામણનુસાર આરોગ્યમંત્રીશ્રી
- ૧૦ લાખથી વધુ – મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્ય સરકારની સેવામાં રહેલા સરકારી કર્મયોગીઓ-પેન્સનર્સ, વર્કચાર્જ, રોજમદાર, કામદારો, બોર્ડ નિગમના કર્મયોગીઓ તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતો માટે રાજ્ય તબીબી સારવારના સુગ્રથિત નિયમો ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો ૨૦૧૫ અન્વયે જાહેર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઇ પટેલના અધ્યક્ષસ્થાને રચાયેલી મંત્રીમંડળની પેટાસમિતિએ કરેલી ભલામણોનો સ્વીકાર કરીને આ મહત્વાકાંક્ષી નિર્ણયો કર્યા છે.

અત્યાર સુધી તબીબી સારવાર નિયમોની જોગવાઇ મુજબ સારવારનો ખર્ચ માત્ર સરકારી હોસ્પિટલોમાં લેવાયેલી સારવાર માટે રિએમ્બર્સમેન્ટ થતો હતો તેમાં હવેથી સરકારી હોસ્પિટલો ઉપરાંત સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલ , રાજ્ય સરકાર દ્વારા માન્ય કરાયેલી એમ્પેનલ્ડ ખાનગી હોસ્પિટલોમાં લીધેલી સારવાર માટે પણ રિએમ્બર્સમેન્ટ મળી શકશે.

આ નવા નિયમોમાં કેટલીક વિશેષ જોગવાઇઓ કરવામાં આવી છે. તદ્અનુસાર જો સરકારી કર્મયોગોની સારવારનો ખર્ચ રૂ. ૧ લાખથી વધુ થાય તેમ હોય તો ૭૫ ટકા જેટલી રકમ બિનવ્યાજુકી (વ્યાજ વગરની) પેશગી તરીકે આવા કર્મયોગીને અપાશે.

મુખ્યયમંત્રીશ્રીએ સારવાર ખર્ચ મંજૂર કરવા અંગે પણ નવા ધોરણો નિયત કર્યા છે તેમાં સારવારના રૂ. ૨૫ હજાર સુધીના ખર્ચનું રિએમ્બસર્મેન્ટ સંબંધિત કર્મયોગીની કચેરીના વડા મંજૂર

કરી શકશે, જ્યારે કે ૨૫ હજારથી ૧ લાખ માટે ખાતાના વડા , ૧ લાખથી ૨ લાખના ખર્ચ માટે વહિવટી વિભાગ તેમજ ૨ લાખથી ૧૦ લાખ સુધીના સારવાર ખર્ચ માટે આરોગ્ય વિભાગની સમિતીની ભલામણ અનુસાર આરોગ્યમંત્રીશ્રી તથા ૧૦ લાખથી વધુ રકમના સારવાર ખર્ચ માટે મુખ્યમંત્રીશ્રીની મંજુરી લેવાની રહેશે.

સંબંધિત કર્મચારીએ સારવાર-સુશ્રુષા પૂરી થયાના ૬ માસમાં સારવાર કલેઇમ રજૂ કરવો પડશે પરંતુ કાબૂ બહારના સંજોગોમાં આવો કલેઇમ રજુ કરવામાં વિલંબ થાય તો વિલંબના સમય પ્રમાણે ખાતાના વડાથી લઇને સરકાર કક્ષાએ તે મંજુર કરાવવાના રહેશે.

આ સુગ્રથિત આરોગ્ય-તબીબી સારવાર નિયમો તહેત સારવારનો ખર્ચ માન્ય સરકારી હોસ્પિટલો માટે શત પ્રતિશત-૧૦૦ ટકા તથા એમ્પેનલન્ડ નિર્દિષ્ટ હોસ્પિટલો માટે 'મા' અમૃતમ યોજનાના દર અનુસાર કર્મચારીઓને મળશે. કૃત્રિમ અવયવો બેસાડવાના કિસ્સામાં પણ આ જ ધોરણે સારવાર ખર્ચ મળવાપાત્ર છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની સેવામાં રહેલા કર્મયોગીઓ માટે આરોગ્ય સારવારનો ઉદાર અભિગમ અપનાવતાં એવો પણ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે હાલ માસિક વેતન સાથે મળતું તબીબી ભથ્થું લેવાનો કે તબીબી સારવારનું રિએમ્બર્સમેન્ટ લેવાનો વિકલ્પ કર્મયોગીએ દર વર્ષે ૧૫ મી માર્ચ પહેલાં આપવાનો રહેશે તેમજ ગંભીર બિમારીઓ સિવાયના કિસ્સામાં આપેલો વિકલ્પ બદલાશે નહીં.

જે કર્મયોગીઓ મેડિકલેઇમ પોલીસી ધરાવતા હોય તેઓ રિએમ્બર્સમેન્ટ તેમજ આવી પોલીસી બેયનો લાભ લઇ શકશે નહિ. પરંતુ આવા પોલીસી ધારક તેની સારવારનો ખર્ચ જો પોલીસી રકમ કરતાં વધુ થાય તો તફાવતની રકમ રિએમ્બર્સમેન્ટ તરીકે સરકારમાંથી મેળવવા પાત્ર રહેશે.

તબીબી સારવાર ૨૦૧૫ના આ નિયમોમાં બીલ મંજુર કરવાની સત્તાનું વિકેન્દ્રીકરણ થતાં ઝડપી મંજુરી મળશે એટલું જ નહિ. રાજ્યના કર્મયોગીઓ તથા આ નિયમો હેઠળ આવરી લેવાયેલાઓને સરકારી હોસ્પિટલો ઉપરાંત ખાનગી , માન્યતા પ્રાપ્ત હોસ્પિટલોમાં શ્રેષ્ઠતમ સારવાર જરૂરિયાત મુજબ મળી રહેશે.

.............